# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૧૭-૧૨-૨૦૦૯**

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસની આગેવાનીવાળી યુ.પી.એ. સરકારે દેશની લોકસભા તથા રાજયસભામાં બંધારણીય સુધારો ૧૦૯/૨૦૦૯નું બિલ પસાર કરીને દેશની અંદર સામાજીક વિકાસની સમાનતા ઉભી થાય તે માટે જે અનામતની જોગવાઇ છે તેને વધુ ૧૦ વર્ષ માટે લંબાવવાનો નિર્ણય કરેલો છે. દેશની સંસદમાં  કોંગ્રેસની આગેવાનીવાળી સરકારે પસાર કરેલા આ બિલને સમર્થન આપતા પ્રસ્તાવો રાજયની વિધાનસભામાં બંધારણીય જોગવાઇઓ મુજબ પસાર કરવાના થાય છે. કોંગ્રેસની આગેવાનીવાળી યુ.પી.એ. સરકારના પસાર થયેલા બંધારણીય સુધારાને અનુમોદન આપવા માટે કાયદાની જોગવાઇઓ મુજબ આવતી કાલે રાજય સરકારે પ્રસ્તાવ વિધાનસભામાં રજુ કરવો પડશે. કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ આ પ્રસ્તાવને સંપૂર્ણ સમર્થન આપશે. કેન્દ્રની કોંગ્રેસની સરકારે દેશની અંદર સામાજીક સમાનતા માટે જરુરી એવી અનામતની જોગવાઇઓ કરતાં બંધારણીય સુધારાને રજુ કરીને ૧૦ વર્ષ અનામતને લંબાવી આપવાનો જે નિર્ણય કર્યો છે તેને વિધાનસભા કોંગ્રેસપક્ષના ધારાસભ્યશ્રીઓ આવકારી અને અભિનંદન પાઠવશે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,
સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે. જે. રસાણીઆ)**
અંગત મદદનીશ